# દુર્ગારામ મહેતાજી અને નર્મદાશંકર લાલશંકર દવેનું સમાજસુધારણામાં પ્રદાન

પ્રિ. ડૉ. હિતેન્દ્રસિંહ વાય. ખરવાસિયા
આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજ, વ્યારા,
જિ. તાપી, ૩૯૪૬૫૦

પ્રાચીન હિંદનો સમાજ મધ્યયુગીન સમયના પ્રમાણમાં પ્રગતિશીલ વિચારોને વરેલો હતો. જેમ જેમ સમય આગળ વધતો ગયો તેમ તેમ ભારતીય સમાજ અને ધર્મ અનેક કુરિવાજો અને અંધશ્રદ્ધાથી પ્રભાવિત બનતા ગયા. વિશ્વના અન્ય દેશોની તુલનામાં ભારતીય સમાજ સદીઓથી વિવિધ પ્રકારની સામાજિક બદીઓથી રંગાયેલો હોવાને કારણે નવા અને આધુનિક વિચારો સ્વીકારવામાં તે ઘણો પાછળ રહ્યો હતો. વર્ષોથી હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં સામાજિક કુરિવાજો જેવાકે બાળલગ્ન, જ્ઞાતિબધન, સ્ત્રીઓને ઘરમાં પુરી રાખવી, વિધવાવિવાહનો વિરોધ વગેરે પ્રચલિત હતા. જે લાંબા વર્ષો સુધી હિંદમાં ચાલુ રહ્યા હતા એવું જાણવા મળે છે.

ભારતમાં અંગ્રેજોના આગમન અને તેમની વેપારી પ્રવૃત્તિએ ભારતીય સમાજ સાથેના પાશ્ચાત્ય સામાજિક સંપર્કને એકબીજાની નજીક લાવવામાં ઉપયોગી ભૂમિકા ભજવી હતી. અંગ્રેજોએ પોતાની સામ્રાજયવાદી પ્રવૃત્તિને વિસ્તારતા અંગ્રેજ અમલદારો, વેપારીઓ અને મિશનરીઓના લોકો સાથેના સંપક વધવા લાગ્યો. જેને પરિણામે ભારતમાં નવા વિચારો ધરાવનારાઓનો એક નવા વર્ગનો જન્મ થયો. જે નવબુદ્ધિવાદીઓના વર્ગ તરીકે પ્રચલિત બન્યો. જેની અસરથી દેશના ઘણા ભાગમાં જોવા મળતી હતી. ગુજરાત પણ તેનાથી અલિપ્ત રહી શકયું નહી. પશ્ચિમ ભારતમાં રાજસતા વિસ્તારવાના અંગ્રેજ પ્રયાસોને પરીણામે સુરતમા પણ નવબુદ્ધિવાદીઓનો વર્ગ ઊભો થયો. જેમા દુર્ગારામ મહેતાજી અને નર્મદા શંકર લાલશંકર દવે મુખ્ય હતા. આ નવબુદ્ધિવાદીઓએ આપણી રૂઢિચુસ્ત ટેવો અને પ્રણાલિકાઓને પ્રગતિશીલ પાશ્ચાત્ય જીવનશૈલી અને ધોરણો સાથે સરખાવી આપણા પછાતપણા પ્રત્યે દુઃખ વ્યક્ત કર્યુ હતું. આ નવબુદ્ધિવાદીઓમાં સૌથી અગ્રેસર હતા સુરતના દુર્ગારામ મહેતાજી.[1]

**દુર્ગારામ મંછારામ દવ**નો જન્મ ઈ.સ. ૧૮૦૯માં સુરતમાં એક નાગર કુટુંબમાં થયો હતો. તેમના આધુનિક વિચારોનો પ્રભાવ માત્ર સુરત કે ગુજરાત રાજય પૂરતો મર્યાદિત ન રહેતા ભારતના પશ્ચિમ કિનારા સુધી વિસ્તાર પામ્યો હતો. પરિણામ સ્વરૂપ ભારતના પશ્ચિમ કિનારા પર સુધારાયુગ અને રેનેસાના આંદોલનને પહેલ આપવાનું શ્રેય સુરતનગરને ફાળે જાય છે.૨

દુર્ગારામ વ્યવસાયે શિક્ષક હતાં. તેમની ભણાવવાની પદ્ધતિ ખૂબ્બ જ ઉત્તમ અને ચઢિયાતી હતી. શિક્ષક તરીકે તેમણે સુરતમાં સારી નામના મેળવી હતી. આ સમયે એક એવી કહેવત પણ પ્રચલિત હતી કે ‘દુર્ગારામનો કોઈ નિશાળીયો મુર્ખ નહી ને પ્રાણશંકરનો ભાગ્યહીન નહી.’[3]

દુર્ગારામ વ્યવસાયે શિક્ષક હોવા છતાં વિશેષતઃ સમાજસુધારક અને ધર્મસુધારક હતાં. સમાજમાં પ્રવર્તતા કુરિવાજો અને ધાર્મિક અંધશ્રદ્ધા સામે બાથ ભીડનારા એક અદના સમાજસુધારક હતા. તેમણે સમાજસુધારણાની પ્રવૃત્તિને વગે આપવા ઈ.સ. ૧૮૪૪ માં 'માનવધર્મ સભા' નામની સંસ્થા સ્થાપી. જેનો મુળ ઉદ્દશ માનવ ધર્મ જાણવો, સમજાવવો અને તેનો પ્રચાર કરવાનો હતો.[૪] 'માનવધર્મ સભા' દર શનિવારે મળતી હતી. આ સભામાં સમાજ સુધારણા અને ધર્મસુધારણા વિષયક પ્રવચનો અને પ્રશ્નોતરી થતી. મનુષ્ય જાતિનું એક કુટુંબ છે માણસ માત્ર પર પ્રીતિ રાખો, સર્વધર્મના સાક્ષી થઈને વર્તો, જ્ઞાતિભેદ જુઠાં છે, કોઈપણ માણસનું રાંધેલું ખાવાપીવામા વટાળ નથી ને કોઈને અડકવાથી અભડાઈ જવાતું નથી. આ તેમના ઉપદેશ વચનો હતાં[૫].

આ સમયે સમાજમાં વિધવાઓની સ્થિતિ ઘણી દુઃખદ હતી. જડસમાજ વ્યવસ્થા પુનઃ વિધવાવિવાહને સ્વીકારવા માટે તૈયાર ન હતો. પુનઃ વિધવાવિવાહની તરફેણ કરનાર કે વિધવા સાથે લગ્ન કરનાર સામે સમાજના નિયમો ઘણા જ કડક હતા. આવા સમયે દુર્ગારામ સમાજનો ભય રાખ્યા વિના તથા કોઈની પણ ચિંતા કે પરવા કર્યા વિના જાહેરમાં વિધવા વિવાહની તરફેણમાં પ્રવચનો કરતાં. ઘણી વખત સુધારાનો વિરોધ કરનારાઓના વિરોધનો પણ તેમણે સામનો કરવો પડતો. આવા સમયે દુર્ગારામ સાહજિક અને સરળતાથી વિરોધીઓ આગળ પોતાની દલીલ રજૂ કરતાં. કોઈ એમને કટાક્ષમાં કહેતા કે "તમારા ઘરમાં તમારા માસી રાંડેલા છે તેમને પરણાવો." ત્યારે ગુસ્સે થયાં વિના કહેતા, " તઓ તો ઘરડા થયા છે. હું તો જુવાન અને બાળવિધવાના લગ્નનો પ્રચાર કરું છું. કોઈ ડોસી કે ડોસાને પણ ઈચ્છા હોય તો ફરીથી લગ્ન કરી શકે છે."[૬] પુનઃ વિધવાવિવાહના આગ્રહી દુર્ગારામ મહેતાજી પાછળથી પોતાના આ વિચારોમાથી પાછા વળ્યા હતા એવું પણ જાણવા મળે છે. સમય જતા તેમણે વિધવાવિવાહનું પ્રચાર કાર્ય સંપુર્ણપણે અટકાવી દીધુ હતુ. દુર્ગારામે સમાજસુધારણાની આ મહત્ત્વની પ્રવૃત્તિને એકાએક અટકાવી દીધી. એની પાછળનું કારણ ઈ.સ. ૧૮૩૩માં દુર્ગારામ વિધુર બનતા તેમણે પુનઃલગ્ન માટે તૈયારી કરી ત્યારે એમની સમક્ષ ચોક્કસ શરત મુકવામા આવી હતી. દુર્ગારામના વિધવા વિવાહના પ્રચારથી આકર્ષાઈને મયુરી નામની એક ડુંગરપુરા નાગર જ્ઞાતિની યુવાન વિધવા અમની સાથે લગ્ન કરવા તૈયાર થઈ હતી. આ સમયે એમની જ જ્ઞાતિના સુરતના એક સજ્જને તેમની કુંવારી પુત્રીના લગ્ન દુર્ગારામ સાથે કરવા તૈયાર થયાં. પરંતુ શરત એવી હતી કે દુર્ગારામ કાયમ માટે વિધવા વિવાહનો પ્રચાર બંધ કરે તોજ તેઓ એમની પુત્રીને દુર્ગારામ સાથે પરણાવે. દુર્ગારામે આ શરતનો સ્વીકાર કર્યો અને ઈ.સ. ૧૮૪૩માં અભેગૌરી નામની કુંવારી કન્યા સાથે બીજા લગ્ન કર્યા. એ પછી દુર્ગારામે અન્ય સુધારાઓનો પ્રચાર કર્યો પરંતુ વિધવા વિવાહનો પ્રચાર કરવાનું તેમણે હંમેશ માટે બંધ કર્યુ.[૭] તેમ છતા એટલું ચોક્કસ કહી શકાય કે દુર્ગારામે અગાઉ પુનઃ વિધવાવિવાહનું જે પ્રચાર કાર્ય શરૂ કર્યુ હતુ તેને પરિણામે પુનઃ વિધવાવિવાહને સમાજમાં સારો આવકાર મળ્યો હતો. તથા આ અંગેના સમાજના સંકુચિત ખ્યાલોમાં બદલાવ પણ જોવા મળતો હતો.

૧૯ મી સદીની આસપાસ પરદેશમાં જવા આવવા સામે પણ સમાજના નિયમો કડક હતાં. આ બાબતને સમર્થન આપવુ એ પણ ગુનો ગણાતો. બીજી તરફ દુર્ગારામ પશ્ચિમના આધુનિક, સામાજિક વિચારો અને જ્ઞાન-વિજ્ઞાનની પ્રગતિથી પ્રભાવિત હતા અને તેથી દુર્ગારામે આ બાબતનો વિરોધ પણ કર્યો હતો. તેમણે સમાજમાં ઉદાહરણ પૂરું પાડવા તથા આ અંગેના ખ્યાલોમાં પરિવર્તન લાવવા પ્રયાસો પણ કર્યા હતાં. શ્રી મહિપતરામ જયારે વિદેશ જઈને આવ્યા ત્યારે દુર્ગારામે સમાજમાં દાખલો બેસાડવા તેમને પોતાના ઘરે જમવા બોલાવ્યા. આમ કરવાથી તેમણે પોતાના જ્ઞાતિબંધુઓના વિરોધના ભોગ બનવું પડયું હતું. એ માટે તેમને બાર વર્ષ પોતાની ન્યાત બહાર રહેવું પડયું હતું.[૮] આમ છતાં પણ તેઓ પોતાના વિચારમાં અડગ રહ્યા હતાં.

દુર્ગારામની સમાજ સુધારણાની પ્રવૃત્તિની અસર ગુજરાત પૂરતી જ મર્યાદિત ન હતી. સમાજનું શોષણ કરનારાઓ પણ તેમનાથી ડરીને ચાલતાં. આના અનુંસંધાને પંડિતયુગના સાક્ષર શ્રી નવલરામે પણ કહ્યું છે કે "દુર્ગારામના નામનો ડંકો દેશમાં વાગી રહ્યો હતો અને તેમનું નામ સાંભળી વહેમ તથા જુલમ કરનારા થરથર કાંપતા. એમના અવાજે આખા પ્રાંતને ઘણા યુગની ભરનિંદ્રામાંથી ચોંકાવ્યો, એનું કહેવું નવું, ઘણું જ નવું વિપરિત લાગ્યું, પણ એમાં સત્ય છે એમ સઘળાને દેખાયું."[૯]

સમાજમાં જોવા મળતા ભૂત પ્રેત, ન્યાત-જાતના વાડા તોડવા, બાળલગ્ન અટકાવવા તથા અસ્પૃશ્યતા નિવારણ જેવી અનેક સમાજ સુધારણાની પ્રવૃત્તિ તેમણે કરી હતી એવું પણ જાણવા મળે છે. સમાજમાં જોવા મળતા આવા દુષણોને કારણે લોકો આધુનિક વિચારો અને ખ્યાલોન કેળવી શકયા ન હતા. આ સમય દરમ્યાન વહેમ, ભૂતપ્રેત તથા જાદુનો પ્રભાવ સમાજ પર વિશેષ જોવા મળતો હતો. જેમ કે કોઈ માણસે ધનવાન થવું હોય તો તેણે પંદર દિવસ ઉપવાસ કરવા અને પૂર્ણિમાની રાત્રીએ ઘુંટીપર પાણામાં ઊભા રહેવું અને શેકેલુ અનાજ મોંમા લઈ પાણીમાં હોમવું. આવી અનેકવિધ માન્યતાઓ સામે દુર્ગારામે અવાજ ઉઠાવી લોકોને અંધશ્રદ્ધામાંથી બહાર લાવવાનો પ્રયાસ કર્યો હોવાનું પણ જણાય છે.

દુર્ગારામની દ્રષ્ટિ પોતાના જમાનાથી ઘણી આગળ હતી એટલું જ નહી તેમના વિચારો પણ ક્રાંતિકારી અને સમાજના બહોળા વર્ગમાં સ્વીકૃત બન્યા હતાં. તેમની સમાજસુધારાની પ્રવૃત્તિની આમ સમાજ પર પણ ઘણી સારી અસર હતી અને તેથી તેમને ગુજરાતના સમાજ સુધારણાના પિતા તરીકે પણ ઓળખવામા આવે છે. તેમણે ગુજરાતના સમાજસુધારા અને ધર્મસુધારાના ક્ષેત્રે ખૂબ લાંબી સેવા કરી. ૬૭ વર્ષની વયે ઈ.સ. ૧૮૭૬ ના રોજ તેમનું અવસાન થયું હતું.

દુર્ગારામનું અવસાન થતાં સમાજ અને ધર્મસુધારણાની તેમની પ્રવૃત્તિને આગળ વધારવા સુરતે નમર્દાશંકરની ભેટ મળી. નર્મદાશંકર દવેનો જન્મ ઈ.સ. ૧૮૩૩ ના ઑગષ્ટ માસની ૨૪મી તારીખે સુરત ખાતે થયો હતો. [૧૦] દુર્ગારામ મહેતાજીની સમાજસુધારણાની પ્રવૃત્તિથી આકર્ષાઈ નર્મદ, મહિપતરામ, નવલરામ તથા નંદશંકરે ગુજરાતના જુદાજુદા

સ્થળોમાં વસવાટકરી સુધારાવાદી પ્રવૃત્તિને આગળ વધારવાનો પ્રયાસ કર્યો હતો. ઓગણીસમી સદીની અધવચમાં દુર્ગારામ સૌરાષ્ટ્ર ગયા પછી તેમનું સ્થાન સુરતમાં નવલરામ, નર્મદ, મહિપતરામ તથા નંદશંકરની જુવાન ટોળીએ લીધું. ઓગણીસમી સદીના મધ્યભાગમાં સમાજસુધારણાની અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી. ઈ.સ. ૧૮૪૮ થા ૧૮૬૦ સુધીના સમયને કવિ નર્મદ 'સુધારાનો બોધકાળ' કહે છે કારણકે આ દશ બાર વર્ષના ગાળા દરમિયાન પુષ્કળ લેખો, વ્યાખ્યનો તથા નિબંધો દ્વારા સુધારણાની બોધાત્મક પ્રવૃત્તિ કરવામાં આવી હતી.[૧૧]

ઓગણીસમી સદીનો મધ્યભાગ સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે ઘણો પછાત જણાતો હતો. શિક્ષણ આપનારો વર્ગ પણ જુનવાણી વિચારોથી રંગાયેલો હતો. ભૂગોળ શીખવનાર મહેતાજી કહેતો કે "પૃથ્વી ગોળ છે ને તે ફરે છે પણ ખાનગીમાં તો નિશાળીયાઓન કહે છે કે એ તો સાહેબ પરીક્ષા લેવા આવે ત્યારે બોલવા માટે યાદ રાખવાનું છે, બાકી ખરી રીતે તો પૃથ્વી ગોળ નથી અને તે ફરતી પણ નથી જ નહીતો આપણાં બધાના ઘર પડી જાય"[૧૨] આવી પરિસ્થિતીમાં સમાજ ક્યાંથી નવા કે આધુનિક વિચારો સ્વીકારી શકે. આવા સમયે નર્મદે સમાજસુધારણાની પોતાની પ્રવૃત્તિને આગળ વધારવામાં કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હશે તે સમજી શકાય છે. નર્મદ પોતાના વિચારોમાં હંમશા મક્કમ રહેતા. સમાજનો ભય રાખ્યા વિના પોતાની સુધારાવાદી પ્રવૃત્તિને આગળ વધાર્યે જતાં હતાં. જરૂર પડે સમાજના બંધનો સામે પડકાર ફેંકવામાં પણ તેઓ પોતાની હિંમતના દર્શન કરાવતા અને કહેતા કે "તમારાથી થાય તે કરી લો, હ તો મારા મનનું ધાર્યુ કરીશ."[૧૩] ઈ.સ. ૧૮૬૦માં કવિ નર્મદે ગુજરાતના સમાજ સુધારક મંડળનું અગ્રપદ લીધું. નર્મદ ખૂબ ઉત્સાહી હતા. તેમણે સમાજ સુધારાની પ્રવૃત્તિને જોરશોરથી આગળ વધરી હતી. વિધવા પુનઃવિવાહ, બાળલગ્ન પ્રતિબંધ, વહેમભંજન, કન્યા કેળવણીની અનિવાર્યતા વિષયક ગદ્ય તથા પદ્યનું સર્જન કરી તેમણે સમાજસુધારાની પ્રવૃત્તિની પોતાની ઝૂંબેશને આગળ વધારી. નર્મદે સુધારાની શરૂઆત પણ પોતાની જ્ઞાતિથી કરવાનું યોગ્ય માન્યું. જેથી અન્ય સમાજને પણ ઉદાહરણ પૂરું પાડી શકાય. પોતાની નાગર જ્ઞાતિમાં કાચળી પહેરવા બાબતે જે કુરિવાજ પ્રચલિત હતો તેની સામે નર્મદે સુધારો કરવાનું પ્રારંભિક પગલું એપ્રિલ ૧૮૫૮-૫૯માં સુરતથી કય હત. આ સમયે નાગર જ્ઞાતિના બે વિભાગો હતાં. નાગર ગૃહસ્થ અને નાગર ભિક્ષુક. નર્મદાશંકર બીજા વિભાગમાથી આવતા હતા. નાગર ગૃહસ્થો એ જ જ્ઞાતિના હોવા છતાં પોતાની જ્ઞાતિના ભિક્ષુકવર્ગની ન્યાત જમે ત્યારે સ્ત્રીઓ કાચળી (ચોળી) કાઢી નાંખતી અને ફક્ત અબોટિયાં પહેરી બેસતી પણ ગૃહસ્થ વર્ગની સ્ત્રીઓને એવો કોઈ રિવાજ નડતો નહોતો. કાચળી (ચોળી) કાઢી નાખવાનો રીવાજ માત્ર નાગર જ્ઞાતિના ભિક્ષુક વર્ગ પુરતો જ સિમિત હતો. તેથી નર્મદે એ કાચળી ન પહેરવાના રિવાજને પોતાના ઘરમાંથી જ પહેલ કરી તોડાવ્યો.[૧૪] આમ તેમણે સમાજ સુધારણાનું ઉદાહરણ પોતાના ઘરમાથી પુરુ પાડી સમાજને તથા પોતાની જ્ઞાતિને નવા વિચારો કેળવવા પ્રેરણા પુરા પાડયા એમ કહી શકાય.

દુર્ગારામ મહેતાજીના સમય દરમ્યાન પણ પ્રચલિત અને પોતાના પ્રયાસો હોવા છતાં પણ થોડે ઘણે અંશે ચાલુ રહેલી વિદેશગમન-આગમનો પ્રત્યેની સૂગ નર્મદના સમયમાં પણ પ્રચલિત હતી. વિદેશ જનાર કે આવનાર ક તેની

તરફેણ કરનાર સામે સમાજના નિયમો વધુ કડક હતાં. નર્મદે આ સંકુચિત વિચારો સામે પોતાનો વિરોધ પ્રદર્શિત કરી પોતે એ બાબતોની તરફેણ કરે છે એમ દર્શાવવાનો પ્રયત્ન કર્યો. નર્મદે વિદેશગમનને આવકાર્ય ગણ્યું હતું. સને ૧૮૬૦માં મહિપતરામ મહેતા ગુજરાતમાંથી વિદેશ જવાના હતાં ત્યારે સુરતની એમની નાગરજ્ઞાતિના જે લોકો મુંબઈ વસતા હતાં તેમણે મહીપતરામના વિલાયતગમનનો વિરોધ કર્યો અને જો મહિપતરામ વિલાયત જાય તો તેમને નાતબહાર મુકવાનો ખરડો તૈયાર કર્યો અને તેમાં સહીઓ ઉઘરાવવામાં આવી. નર્મદે તેમાં સહી ન આપી અને તેમના પિતાએ પણ પુત્રના પગલે સહી કરી આપી નહી. મહિપતરામ બીજા વર્ષે વિલાયતથી પાછા ફર્યા ત્યારે પોતે એમના ટેકામાં છે અ બતાવવા સામેથી તેમને આવકારવા ગયા.[૧૫] આમ તેમણે પોતાના બહોળા સમાજના વિરોધની ચિંતા ન કરી કે ન ભય રાખ્યો. આમ તેઓ સમાજસુધારણાના વિચારોને લઈને કેટલા આધુનિક અને મક્કમ હતા તે જાણી અને સમજી શકાય છે.

સમાજમાં વિધવાવિવાહને લઈને પણ મોટો વિરોધ જોવા મળતો હતો. તેમના સમય દરમ્યાન પણ વિધવાવિવાહ પ્રતિબંધિત હતાં. નર્મદાશંકરે વિધવા પુનઃ લગ્નની તરફેણ કરી એનો પ્રચાર શરુ કયા એટલું જ નહી સમાજને ઉદાહરણ પૂરું પાડવા તેમણે પોતાની પ્રથમ પત્નીની હયાતીમાંજ સ્વજ્ઞાતિની એક બીજી નર્મદાગૌરી નામની વિધવાને આશ્રય આપી ૧૮૬૯-૭૦માં પુર્નલગ્ન કર્યુ હતુ.[૧૬] આ લગ્નને કારણે તેઓ પોતાના સમાજમાં અળખામણાં બન્યા અને તેમની જ્ઞાતિ સાથે આ પ્રસંગ પછી જે સંઘર્ષ ઉદભવ્યો તે કદી શમી શકયો નહી એવું પણ જણાય છે. આ ઉપરાંત સમાજમાં વર્ષોથી ઘર કરી ગયેલા કુરિવાજો, માન્યતાઓ, પરાણી પ્રણાલિકાઓનો પણ નર્મદે સખ્ત વિરોધ કર્યો હતો. માણસના મૃત્યું પછીની સુતકની રીત, છાતી કુટવાની સ્ત્રીઓની રીત, છાજીયા લેવા, ચૂડલો તોડવો, જ્ઞાતિભોજન જેવા સામાજિક દુષણો સામે પણ તેમણે વિરોધ કર્યો હતો.[૧૭]

નર્મદની ઉપરોક્ત સમાજસુધારણાની પ્રવૃત્તિ સાહિત્યના માધ્યમ દ્વારા લોકસમાજ સુધી વહેતી કરીને તેને સફળ બનાવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૮૫૧માં મુંબઈ ખાતે સ્થપાયેલ ‘બુદ્ધિવર્ધકસભા’ ના ઉપક્રમે સમાજસુધારણાનો પ્રયાસ કરવામા આવતો. આ સભા ‘બુદ્ધિવર્ધકગ્રંથ’ નામે માસિક પણ પ્રગટ કરતું. જેમાં નર્મદે ‘સ્ત્રીકેળવણી’ ‘વૈધવ્યચિત્ર’ વિષયક નિબંધો લખીને સમાજ સુધારણાની પોતાની પ્રવૃત્તિને લોકભોગ્ય બનાવી. આ ઉપરાંત ખોટા સામાજિક રિવાજો અંગે ‘મુવા પછવાડે રોવા કુટવાની ધોલાઈ’, ‘પુર્નવિવાહ’, ‘વિષયી ગુરુ અને સ્ત્રી’, ‘કુળમોટપ’, ‘એક રંડાયેલ શેઠને એક વિધવાનો કાગળ’ વિષયક નિબંધો લખી સમાજના કુરિવાજોની ટીકા કરી હતી.[૧૮]

નર્મદે સમાજસુધારણાને વેગ આપવા એક બીજું મહત્ત્વનું કદમ ભર્યુ અને તે હતું ‘ડાંડિયો’ સામયિકનું પ્રકાશન. સપ્ટેબર ૧૮૬૪માં ‘ડાંડિયો’ નું પ્રકાશન કરવામાં આવ્યું. સમાજમાં જોવા મળતા વહેમ, જૂઠ, દંભ, અંધશ્રદ્ધા, અનાચાર, અજ્ઞાન, અનીતિ, પાખંડ, પાપાચાર, ઢોંગ, અપ્રમાણિકતા વગેરે ઉપર પ્રહારો કરી સામાજિક જાગૃતિ લાવવા આ સામયિક શરૂં કર્યુ હતું.[૧૯] ‘ડોડિયો’ સમાજને જાગૃત રાખવાનું કામ કરતું.

આમ દુર્ગારામ મહેતાજી અને નર્મદએ ઓગણીસમી સદી કે જયારે સમાજ અને ધર્મ અંધશ્રધ્ધા અને વિવિધ સામાજિક બદીઓથી ઘેરાયેલા હતાં ત્યારે સમાજને સાચો માર્ગ ચીંધવાનું કાર્ય આ બંને સમાજ સુધારકોએ કર્યુ. એવું ચોક્કસ કહી શકાય. નર્મદ અને દુર્ગારામ મહેતાજીએ સુરતમાં જન્મ લઈ સ્થિર થઈ ગુજરાત સહિત દેશના ખૂણે ખૂણે પોતાના સમાજ ઉપયોગી આધુનિક વિચારોને ગૂંજતા કરી આમ સમાજની ઘણી મોટી સેવા કરી હતી. તેમણે સમાજસુધારણા દ્વારા નવજાગૃતિ પણ કરી અને તે રીતે સુરતના સાચા જ્યોર્તિધરો પુરવાર થઈ શકયા હતાં એમ કહેવામા કશુ ખોટું નથી.

પાદટીપ :-


૧ દેસાઈ ગુણવંતરાય જે, 'પશ્ચિમ ભારતમાં અંગ્રેજો - રાજકીય અને સામાજિક પરિપ્રેક્ષ્યમા' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. ૧૯૮૮, પૃષ્ઠ-૧૮૪-૧૮૫.

૨ અજન પૃષ્ઠ-૧૮૫.

૩ દેસાઈ ઈશ્વરલાલ ઈચ્છારામ, 'સુરત સોનાની મુરત', લોખંડવાલાનો બંગલો, અઠવાલાઈન્સ, સુરત. ૧૯૫૮, પૃષ્ઠ-૪૪.

૪ બાવીસી મુગટલાલ પી., 'સમાજસુધારણાની ચળવળમાં સુરતનું પ્રદાન-દુર્ગારામ મહેતાજી', 'સુરત ઈતિહાસ દર્શન', ગ્રંથ-૨, પ્રકરણ-૩, સુરત મહાનગરપાલિકા, સુરત. ૨૦૦૪, પૃષ્ઠ-૪૧.

૫ દેસાઈ ઈશ્વરલાલ ઈચ્છારામ, પૂર્વોક્ત, પૃષ્ઠ-૩૯

૬ બાવીસી મુગટલાલ પી., પૂર્વોક્ત, પૃષ્ઠ-૩૯.

૭ એજન પૃષ્ઠ-૩૯.

૮ દેસાઈ ઈશ્વરલાલ ઈચ્છારામ, પૂર્વોક્ત, પૃષ્ઠ-૫૦

૯ મહેતા નાનજી કાળીદાસ સ્મૃતિગ્રંથ સંપાદન સમિતિ, 'સ્મૃતિ અને સંસ્કૃતિ' પ્રથમ ખંડ, નીલકંઠ વિનોદિનીબહેન, "સમાજસુધારણાના ગુજરાતી જ્યોર્તિધરો" પૃષ્ઠ-૧૯૪

૧૦ દવે નર્મદાશકર લાલશંકર, 'નર્મદાશંકર લાલશંકરની આત્મકથા', નર્મગદ્ય, 'મારી હકીકત', પૃષ્ઠ-૩

૧૧ શાસ્ત્રી વિજય, ગાંધી ચંદ્રકાંત, દેસાઈ અશ્વિન, 'ગુજરાતના ભાષા સાહિત્ય પર આધુનિકીકરણનો પ્રભાવ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.૧૯૮૭, પૃષ્ઠ-૨૦

૧૨ ઓઝા ડંકેશ, 'નર્મદનો જમાનો' સમ્વાદ પ્રકાશન, અમદાવાદ. ૧૯૮૩, પૃષ્ઠ-૭

૧૩ ત્રિવેદી નવલરામ જગન્નાથ, 'સમાજસુધારાનું રેખાદર્શન', ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ. ૧૯૭૪, પૃષ્ઠ-૪૪

૧૪ બ્રોકર ગુલાબદાસ, 'નર્મદ', કુમકુમ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ. ૧૯૭૭, પૃષ્ઠ-૩૫-૩૬

૧૫ દેસાઈ કુમારપાળ, 'નર્મદ આજનાં સંદર્ભમાં', ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ. ૧૯૮૩, પૃષ્ઠ-૫૬

૧૬ ત્રિવેદી નવલરામ જગન્નાથ, પૂર્વોક્ત પૃષ્ઠ-૧૫૫-૫૬

૧૭ પાઠક અને દેસાઈ, 'નર્મદનું મંદિરનું સંપુર્ણ વિવરણ', મહાજન પબ્લિશિંગ હાઉસ, અમદાવાદ. પૃષ્ઠ-૯૧-૯૨

૧૮ શાહ સુલોચન, 'નર્મદ : એક અધ્યયન', આદર્શ પ્રકાશન, અમદાવાદ. ૧૯૮૩ પૃષ્ઠ-૬૫

૧૯ બાવીસી મુગટલાલ પી., પૂર્વોક્ત પૃષ્ઠ-૬૦